ક્રમાંક–૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**નવમું સત્ર**
**સોમવાર, તા.૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧**

**(સભાગૃહની બેઠકની શરૂઆત વંદેમાતરમ્ સંગીતની ધૂન વગાડી કરવામાં આવી)**

માનનીય કાર્યકારી અધ્યક્ષશ્રી દુષ્યંતભાઇ ર. પટેલ (રાજયપાલશ્રીએ બંધારણની કલમ–૧૮૦(૧) અન્વયે કાર્યકારી અધ્યક્ષ તરીકે સભ્યશ્રી દુષ્યંતભાઇ ર. પટેલની નિમણૂક કરી હતી) અધ્યક્ષસ્થાને

**સભાગૃહની બેઠક બપોરના ૧૨–૦૦ વાગ્યે શરૂ થઇ.**

**૧. અધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિધાનસભાના નિયમોના નિયમ– ૧૦(૧) અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે –

''આ સભાગૃહના સભ્ય ડૉ. નીમાબેન આચાર્યને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. ડૉ. નીમાબેન ભા. આચાર્યની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઇ.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી અને માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, નવા વરાયેલા અધ્યક્ષશ્રીને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને ડૉ. નીમાબેન આચાર્યે અધ્યક્ષસ્થાન લીધું.

**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, માનનીય સભ્યશ્રીઓ શૈલેષ પરમાર અને શ્રી નીતિનભાઇ પટેલે માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપતાં પ્રવચનો કર્યા.

ત્યારબાદ નવા વરાયેલા અધ્યક્ષ માનનીય ડૉ. નીમાબેન આચાર્યે સભાગૃહનો આભાર માનતું પ્રવચન કર્યું.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) સોમવાર, તા.૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૫ અને ૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૨૧૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૨૮ વાગ્યે પૂરો થયો.

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી અને નવમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી અરવિંદભાઇ સાંકળચંદ સંઘવી અને સ્વ.શ્રી પ્રબોધકાન્ત દામોદરદાસ પંડ્યા, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી જયેન્દ્રકુમાર ભગવાનદાસ ખત્રી અને સ્વ. શ્રી દેવાણંદભાઇ સામતભાઇ સોલંકી, ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી નવિનચંદ્ર પરમાણંદદાસ રવાણી, ગુજરાત રાજ્યના પૂર્વ સંસદીય સચિવ સ્વ. શ્રી લવજીભાઇ ઠાકરશીભાઇ રાજાણી તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગોકળદાસ ડોસાભાઇ પરમાર, સ્વ.શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ, સ્વ.શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી, સ્વ.શ્રી હરિભાઇ રત્નાભાઇ ડોરીયા, સ્વ. શ્રી સુકાભાઇ રામાભાઇ આંત્રોલિયા, સ્વ. શ્રી પ્રતાપભાઇ સુરગભાઇ વરુ, સ્વ.શ્રી વાલજીભાઇ નાનજીભાઇ ખોખરીયા, સ્વ.શ્રીમતી ગીરીરાજકુમારી ગોવિંદસિંહજી કુશવાહા, સ્વ.શ્રી પરબતસિંહ પુંજુભા

ગોહિલ, સ્વ. શ્રી ભાવસિંહભાઇ ડાહ્યાભાઇ રાઠોડ, સ્વ. શ્રી કાળુભાઇ નારાયણભાઇ ચાવડા, સ્વ. શ્રી લક્ષ્મણભાઇ પરસોત્તમભાઇ પટેલ અને સ્વ. શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, માનનીય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી, માનનીય સભ્યશ્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રી વિરજીભાઇ ઠુમ્મરે (પ્રવચન અધૂરું) શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ મંત્રીશ્રી કિરીટસિંહ રાણા, મંત્રીશ્રી નરેશભાઇ પટેલ, સભ્યશ્રી વિક્રમભાઇ માડમ, રા.ક.ના મંત્રીશ્રી બ્રિજેશ મેરજા, મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી નૌશાદ સોલંકી, શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી ભીખાભાઇ જોષી, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી પ્રતાપભાઇ દુધાત અને શ્રી રઘુભાઇ દેસાઇએ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ માનનીય મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક–૪–સન ૨૦૨૧નો ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી**

(૨) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૩) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

**૫. સભાત્યાગ**

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ કોરોના રોગની મહામારી દરમિયાન કોરોના વોરિયર્સ અને લોકોના મૃત્યુ સંબંધે શોકદર્શક ઉલ્લેખ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી તેમને રૂપિયા ચાર લાખનું વળતર આપવા માટેનો પ્રસ્તાવ સભાગૃહમાં લાવવા રાજ્ય સરકારને રજૂઆત કરતાં, સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ અંગેનો શોકદર્શક ઉલ્લેખ અગાઉના વિધાનસભાના સત્રમાં આવી ગયેલ છે અને હજુ પણ કોરોના મહામારીનો સમય ચાલી રહ્યો હોઇ, આ પ્રસ્તાવ હાલના સંજોગોમાં લાવવાની જરૂરિયાત ન હોવાનું જણાવ્યું. મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ અને મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સૂર પૂરાવતાં માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીની રજૂઆતનો અસ્વીકાર કર્યો. આથી તે પ્રમાણેનો આદેશ કરતાં, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી સહીત સભાગૃહમાં હાજર રહેલ વિપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૪) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૫) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૭-૧૮નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૬) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલો તેમજ સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ**

(૭) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના વન મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૮) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૯) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**માનનીય રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૧૦) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૦-૨૧ના સુધારેલ અંદાજો અને સન ૨૦૨૧-૨૨ના સૂચિત અંદાજો

**માનનીય રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૧૧) ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૧૨) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના તા.૦૩/૦૯/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ ઘઇ/૨૦૨૧-૫૬/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૬ અને સાતમા સત્રમાં પસાર કરેલ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૫ તથા આઠમા સત્રમાં પસાર કરેલા અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૯ અને ૨૦ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

**૮. ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે,

'' આ સભાગૃહના સભ્યશ્રી જેઠાભાઇ આહિર(ભરવાડ)ને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,

'' આ સભાગૃહના સભ્ય ડૉ.અનિલ જોષિયારાને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી પુંજાભાઇ વંશે પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલ પ્રથમ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવતાં, તે પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ)ને ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા અને તેઓશ્રીને ઉપાધ્યક્ષ સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી નવા વરાયેલા માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહીર (ભરવાડ)ને ઉપાધ્યક્ષ સ્થાન સુધી દોરી ગયા અને માનનીય ઉપાધ્યક્ષશ્રીએ પોતાનું સ્થાન લીધું.

**૯. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૧૦. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૧૧. સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ

(૨) શ્રી વિવેક પટેલ

**૧૨. સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના કામકાજની યાદીમાં દર્શાવેલ પ્રથમ અને દ્વિતિય ક્રમાંકના વિધેયકો પરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સંમતિ આપતાં, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહનો તદનુસાર સમય લંબાવ્યો.

**૧૩. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) ડૉ. અનિલ જોષીયારા

(૪) શ્રી આત્મારામ પરમાર

(૫) ડૉ. સી.જે.ચાવડા

(૬) શ્રી લલીતભાઇ કગથરા

(૭) શ્રી નૌશાદ સોલંકી

(૮) શ્રી અંબરીશભાઇ ડેર

(૯) શ્રી પ્રતાપ દુધાત

(૧૦) શ્રી ગુલાબસિંહ રાજપૂત

(૧૧) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા

(૧૨) શ્રી રઘુભાઇ દેસાઇ

(૧૩) શ્રીમતી ગેનીબેન ઠાકોર

(૧૪) શ્રી જશુભાઇ પટેલ

(૧૫) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

(૧૬) શ્રી અજીતસિંહ ચૌહાણ

(૧૭) શ્રી શીવાભાઇ ભુરીયા

**૧૪. બાકી રહેલ વિધેયક બીજા દિવસે ચર્ચા માટે હાથ ધરવા બાબત**

વિપક્ષના માનનીય દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ અન્ય વિધેયકો તા.૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ચર્ચા માટે હાથ ધરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ અનુમોદન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે પ્રમાણે ઠરાવ્યું.

**૧૫. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૮) શ્રી પરેશભાઇ ધાનાણી, (વિરોધપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, મંગળવાર તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬.૫૧ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**નવમું સત્ર**
**મંગળવાર, તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૫ ની ચર્ચા હાથ ધરવામાં આવી.

**૨. સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરી સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે.**

સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલના પ્રશ્નનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓએ બેનર બતાવી સતત સૂત્રોચ્ચાર કરતાં અને સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર, ડૉ. કિરીટકુમાર પટેલ, શ્રી બળદેવજી ઠાકોર અને શ્રી વિક્રમભાઇ માડમ વેલમાં આવી બેનર બતાવી, સૂત્રોચ્ચાર કરતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલ વિપક્ષના સભ્યશ્રીઓ શ્રી વિરજીભાઇ ઠુમ્મર, ડૉ. કિરીટકુમાર પટેલ, શ્રી બળદેવજી ઠાકોર અને શ્રી વિક્રમભાઇ માડમને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરી સભાગૃહને મુલતવી રાખ્યું. (સવારના ૧૦.૪૭)

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૨ અને ૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬થી ૨૨૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**(મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૧૧.૨૩ વાગ્યે ફરી મળી)**

**૩. અધ્યક્ષશ્રીની જાહેરાત**

**''સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ'' પુસ્તકના વિમોચન બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ સંસદીય કાર્યરીતિ અને પ્રણાલિઓ અંગેના પુસ્તકના બે ભાગ અગાઉ સન ૧૯૮૯માં પ્રકાશિત થયેલ હતા. જે ૩૨ વર્ષ પહેલાં તત્કાલિન સચિવશ્રી બારોટે ખૂબ જ મહેનત કરીને આ પુસ્તકો તૈયાર કર્યા હતા તેમ જણાવી આજે વિમોચન થઇ રહેલ '' સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ'' ભાગ–૧ અને ભાગ ૨ના પુસ્તકોમાં છેલ્લા ૩૨ વર્ષ દરમિયાન નામદાર સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઇકોર્ટના અને અન્ય અદાલતોના જે નિર્ણયો સંસદીય પ્રણાલી અને કાર્યરીતિ બાબતમાં આવ્યા છે તેનું કમ્પાઇલેશન કરીને આ નવા બે પુસ્તકોને તૈયાર કરવામાં આવ્યા છે. આ પુસ્તકો ભવિષ્યમાં વિધાનસભાગૃહની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં માનનીય સભ્યશ્રીઓને ખૂબ જ ઉપયોગી નિવડશે તેમ જણાવ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પુસ્તકના વિમોચન પ્રસંગે માનનીય પૂ.મુ.મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય પૂ.ના.મુ.મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, માનનીય સંસદીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહિર, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, માનનીય વિપક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઇ પરમાર અને માનનીય વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલને સભાગૃહની મધ્યમાં આવકારી, બંને પુસ્તકોનું ક્રમશઃ વિમોચન કર્યું.

ત્યારબાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ અને માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સભ્યશ્રીઓને ભવિષ્યમાં આ પુસ્તક સભાગૃહની કાર્યવાહીમાં ખૂબ જ ઉપયોગી નિવડશે તેમ જણાવી, તે અંગે પોતાના સ્થાન પરથી ટૂંકમાં વકતવ્યો આપ્યાં.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ માનનીય મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૯–૨૦ના વર્ષનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૫. સસ્પેન્શન રદ કરવા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષના સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર, ડૉ. કિરીટકુમાર પટેલ, શ્રી બળદેવજી ઠાકોર અને શ્રી વિક્રમભાઇ માડમનું સસ્પેન્શન રદ કરી, સભ્યશ્રીઓને વિધાનસભાગૃહના નિયમો અને પ્રણાલિઓનું પાલન કરવાનું જણાવ્યું.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૨) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૩) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૪) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૫) ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તથા સન ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી પૂર્ણેશ મોદી**

(૬) શ્રેય હોસ્પિટલ અમદાવાદ તથા ઉદય શિવાનંદ હોસ્પિટલ રાજકોટ ખાતેના આગના બનાવની તપાસ માટે નિમવામાં આવેલ જસ્ટિસ (નિવૃત્ત) શ્રી ડી.એ.મહેતા તપાસપંચના અહેવાલો

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી પૂર્ણેશ મોદી**

(૭) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક)સન ૨૦૨૦–૨૧ના વર્ષ દરમ્યાન સરકારે જે તે સંસ્થા વતી આપેલી બાંહેધરીની વિગતો દર્શાવતું પત્રક–૧.

(ખ)બાંહેધરી આપનારની રૂએ સંસ્થા વતી સરકારે સન ૨૦૨૦–૨૧ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨

(ગ)બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૨૦–૨૧ દરમ્યાન જે તે સંસ્થાઓ પાસેથી કરેલ વસૂલાતોની વિગતો દર્શાવતું પત્રક–૩

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૮) નાણાં વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૨૫ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૭ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

| No. | Notification | Date |
|---|---|---|
| 1. | (GHN-31)GSTR-2020/S.164(54)TH | 27-03-2020 |
| 2. | (GHN-110)GST-2020/S.148(36)TH | 21-11-2020 |
| 3. | (GHN-111)GSTR-2020/S.164(66)TH | 21-11-2020 |
| 4. | (GHN-116)GST-2020/S.168A(9)TH | 18-12-2020 |
| 5. | (GHN-1)GST-2021/S.164(68)TH | 01-01-2021 |
| 6. | (GHN-9)GST-2021/S.25(6D)(2)TH | 02-03-2021 |

| | | |
|---|---|---|
| 7. | (GHN-13)GST-2021/R.48(4)(6)TH | 18-03-2021 |
| 8. | (GHN-21)GST-2021/S.164(69)TH | 11-05-2021 |
| 9. | (GHN-22)GST-2021/S.128(28)TH | 17-05-2021 |
| 10. | (GHN-23)GST-2021/S.50(1)(2)TH | 17-05-2021 |
| 11. | (GHN-24)GST-2021/S.164(70)TH | 17-05-2021 |
| 12. | (GHN-25)GST-2021/S.148(37)TH | 17-05-2021 |
| 13. | (GHN-26)GST-2021/S.168A(10)TH | 17-05-2021 |
| 14. | (GHN-27)GST-2021/S.164(71)TH | 02-06-2021 |
| 15. | (GHN-27A)GST-2021/S.9(1)(34)TH | 02-06-2021 |
| 16. | (GHN-32)GST-2021/S.168A(11)TH | 09-06-2021 |
| 17. | (GHN-35)GST-2021/S.128(30)TH | 09-06-2021 |
| 18. | (GHN-36)GST-2021/S.128(31)TH | 09-06-2021 |
| 19. | (GHN-38)GST-2021/S.96(3)TH | 09-06-2021 |
| 20. | (GHN-41)GST-2021/S.11(1)(54)TH | 14-06-2021 |
| 21. | (GHN-42)GST-2021/S.11(1)(55)TH | 23-06-2021 |
| 22. | (GHN-45)GST-2021/S.1(14)TH | 02-07-2021 |
| 23. | (GHN-48)GST-2021/S.128(33)TH | 09-07-2021 |
| 24. | (GHN-56)GST-2021/S.57(1)TH | 11-08-2021 |
| 25. | (GHN-57)GST-2021/R.97(4)(1)TH | 11-08-2021 |

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૯) નાણાં વિભાગના સન ૨૦૧૯ના અનિયમિત થાપણ યોજના પર પ્રતિબંધ અધિનિયમ અન્વયેના તા.૨૫/૦૮/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએન–૫૮–એમઆઇએસ–૧૦૨૦૧૯–ઓ–૩૫૫–એન

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૧૦) શિક્ષણ વિભાગના સન ૨૦૦૯ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ અન્વયેના તા.૦૬/૧૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૪૮/ઇપીયુ/૨૦૧૮/૫/ખ.૧ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી**

(૧૧) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના તા.૦૩/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૧/૮/પીડીએસ–૧૦–૨૦૧૭/૫૨૮/સી–૧

**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી નરેશભાઇ પટેલ**

(૧૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ અન્વયેના,

(૧) તા.૩૦/૧૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૦નો ૨૧૮/ઇએલઇ–૧૦૨૦૧૫–૫૫–પી,
(૨) તા.૩૦/૧૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૦નો ૨૧૯/ઇએલઇ–૧૦૨૦૧૧–૩૦૧૧–પી,
(૩) તા.૦૨/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૧નો ૪/ઇએલઇ/૧૦૨૦૧૦/૬૬૧૫–પી,
(૪) તા.૧૦/૦૨/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૧નો ૧૭/એએમએન–૨૦૨૦૦૦–૩૧૩૩–પી,

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી પૂર્ણેશ મોદી**

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ, જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ, જાહેર સાહસો માટેની સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ખાલી પડેલ ત્રણ જગ્યા પર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૮. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૧નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

**૯. પોઇન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર વિધેયકના સ્કોપની બહાર પ્રવચન કરી રહ્યા હોઇ, તેમને વિધેયકના સ્કોપમાં જ પ્રવચન કરવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં, સભ્યશ્રી પુંજાભાઇ વંશે સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર વિધેયકના સુધારા બાબતની ચર્ચામાં તેની પૂર્વ ભૂમિકા બાંધી સુધારાની ભવિષ્યમાં પડનાર અસરો અંગે સભાગૃહને માહિતગાર કરી રહ્યા છે, તેમ જણાવ્યું.

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશની વાતનો અસ્વીકાર કરી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડરનો માનનીય અધ્યક્ષશ્રીએ સ્વીકાર કરી સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરને વિધેયકના સ્કોપમાં જ પોતાનું પ્રવચન કરવા જણાવ્યું.

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી રાકેશભાઇ શાહ
(૩) શ્રી લલિતભાઇ કગથરા
(૪) ડૉ. સી.જે. ચાવડા
(૫) ડૉ. કિરીટકુમાર પટેલ (પ્રવચન અધૂરું)

**૧૧. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ડોક્યુમેન્ટસ રજૂ કરવા બાબત**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્ય ડૉ. કિરીટકુમાર પટેલે સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો હવાલો આપી જજમેન્ટનું ઉલ્લંઘન નહીં કરવાના કરેલ ઉચ્ચારણો કરેલ ઉચ્ચારણો અંગે જરૂરી ડોક્યુમેન્ટસ રજૂ કરવાની માગણી અંગેનો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને તે બાબતે એક માસમાં ડોક્યુમેન્ટસ રજૂ કરવાનો આદેશ આપતાં, સભ્ય ડો. કિરીટકુમાર પટેલે જરૂરી ડોક્યુમેન્ટસ તેઓ રજૂ કરશે તેમ જણાવ્યું.

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય ડો. કિરીટકુમાર પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી જગદીશભાઇ પટેલ
(૭) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૮) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૯) શ્રી હિંમતસિંહ પટેલ(પ્રવચન અધૂરું)

**૧૩. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસની કામકાજની યાદીમાંની તમામ બાબતોની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે પ્રમાણે ઠરાવ્યું.

**૧૪. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી હિંમતસિંહ પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના માનનીય

સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી પ્રતાપભાઇ દુધાત

(૧૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)(પ્રવચન અધૂરું)

**૧૫. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સબજયુડીસ બાબત અંગેના પુરાવા રજૂ કરવા બાબત**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ વર્તમાનપત્રમાં આવેલ જસ્ટીસ ચંદ્રચુડ અને જસ્ટીસ એમ.આર.શાહ સાહેબના ઉચ્ચારણોની વાત કરતાં, આ બાબત સબજયુડીસ હોઇ સભાગૃહમાં તેનો ઉલ્લેખ કરી શકાય નહીં તેમ જણાવી, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીને તેમણે કહેલ બાબત અંગેના સમય મર્યાદામાં આધાર–પુરાવા સભાગૃહમાં રજૂ કરવા માટે જણાવવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી. આ ઉપરાંત ''અદાલતે તંત્ર સામે લાલ આંખ કરવી પડી'' ઉચ્ચારણો અંગે કોર્ટ કેસ નંબર આપવા વિનંતી કરી. તેઓ ઠરાવેલ સમય મર્યાદામાં આધાર–પુરાવા રજૂ ન કરી શકે તો તેમના ઉચ્ચારણો કાર્યવાહીમાંથી રદ કરી ઠપકો આપવાની દરખાસ્ત રજૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીને એક માસમાં આધાર–પુરાવા રજૂ કરવા જણાવ્યું.

**૧૬. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી નીતિનભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(વિરામ બપોરના ૩.૦૫થી ૩.૩૫)**

(૨) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૧નું ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરી તેના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અરવિંદ રાણા

(૨) ડૉ. કિરીટકુમાર પટેલ

(૩) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) રાજયકક્ષાના માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૧નું ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ

કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ. અનિલ જોષીયારા
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) ડૉ. કિરીટકુમાર પટેલ
(૪) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૫) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૬) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
(૭) શ્રી સુરેશભાઇ પટેલ
(૮) શ્રી રઘુભાઇ દેસાઇ
(૯) શ્રી પુનમભાઇ પરમાર
(૧૦) શ્રી પરેશભાઇ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી)

**(વિરામ સાંજના ૬.૧૦થી ૬.૪૦)**

વિરામ બાદ ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૩૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૩૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૭. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

**વૃક્ષો ઉછેરો, ઓક્સિજન મેળવો**

સભ્યશ્રી જીગ્નેશકુમાર સેવકે ''કોરોનાની મહામારીએ આપણને સૌને પરોક્ષ રીતે ઓક્સિજનનું મહત્ત્વ સમજાવ્યું છે. આથી વૃક્ષારોપણ કરી ઓક્સિજનનું સ્તર વધારવા માટે સાર્વત્રિક પ્રયાસો માટેના અસરકારક જરૂરી પગલાં લેવા'' અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુંજાભાઇ વંશ
(૨) શ્રી રમણભાઇ પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી વિજયભાઇ પટેલ
(૫) ડૉ. અનિલ જોષીયારા
(૬) શ્રી જીતેન્દ્રકુમાર વાઘાણી (શિક્ષણ મંત્રી)
(૭) શ્રી કિરીટસિંહ રાણા (વન અને પર્યાવરણ મંત્રી)

છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૧૮. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૯૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૯. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ રાત્રીના ૭.૫૫ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ''વંદેમાતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.